દિવાની દરખાસ્ત નંબર – ૦૪/૨૦૨૬

## ***આંક ૧ નીચે હુકમ***

આજરોજ રેકર્ડ ચેક કરતા સદર દરખાસ્ત છ મહિના જુની જણાઈ આવે છે. આ દરખાસ્ત તા:–૦૬/૦૨/૨૦૨૬ ના રોજ દાખલ કરવામાં આવેલ અને નોટિસની બજવણી આંક – ૦૭ થી થયેલ છે. જ્યારે દરખાસ્ત દાર દ્વારા રીકવરી વોરંટની અરજી બે વખત રજુ કરેલ છે જે મંજુર કરી અત્રેની કોર્ટ દ્વારા રીકવરી વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ હતુ, પરંતુ સદર વોરંટ આંક – ૦૯ અને આંક – ૧૧ ના વોરંટ વગર બજેલ પરત આવેલ છે, જેમાં વોરંટના શેરામાં દરખાસ્તદાર પ્રતિવાદીએ વોરંટમાં લખેલ રકમ ભરપાઈ કરવા તૈયાર છે તેમ જણાવેલ છે, જે શેરા અન્વયે સંસ્થાના જવાબદાર કર્મચારીને ખાત્રી થયેલ છે અને તે બદલ તેઓની સહી પણ કરવામાં આવેલ છે જેથી સદર વોરંટ તેઓની ખાત્રીના આધારે જેમને તેમ પરત ફરેલ. આમ સદર દરખાસ્ત અન્વયે સંસ્થાના કર્મચારીએ કાયદાકીય જોગવાઈઓને અનુરૂપ બજવણી કરવા માટે પુરતી તક આપવા છતા કોઈ તજવીજ કરેલ ના હોય અને દરખાસ્ત ની કાર્યવાહી આગળ ચલાવવા માટે સંસ્થા દ્વારા કોઈ રસ દાખવેલ ના હોય તે પરિસ્થિતીને ધ્યાને લઈ, તેમજ નામ. હાઈકોર્ટના જા. નં – ડી/૨૯૧૭/૨૦૨૫, તા:૦૧/૦૪/૨૦૨૫ અન્વયે નામ. સુપ્રીમ કોર્ટના સિવિલ અપીલ નંબર – ૩૬૪૦ – ૩૬૪૨ / ૨૦૨૫ ના પેરા ૭૫ માં જણાવેલ માર્ગદર્શન પ્રમાણે દરખાસ્ત છે તે છ મહીનાની અંદર ફેસલ કરવાના નિર્દેશો આપવામાં આવેલ છે જે ધ્યાને લેતા દરખાસ્ત દાર દ્વારા સદર કામે દરખાસ્તની અમલવારી કરાવવામા નિષ્ફળતા દાખવવામાં આવેલ હોય જેથી સદર દરખાસ્ત ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૭ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–જોડિયા<br>
તા:–૧૭/૦૮/૨૦૨૬

પ્રિન્સીપાલ સિવિલ જજ,<br>
જોડિયા